સુવિચાર : બે માણસો હાથથી મળ્યા સંપર્ક થઇ ગયો.. બે માણસો બુદ્ધિથી મળ્યા સંસર્ગ થઇ ગયો.. બે માણસો હૃદયથી મળ્યા સત્સંગ થઇ ગયો - સાધુ વાસવાણી

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૨૦ | ૩૧ માર્ચ, ૨૦૧૫, મંગળવાર ; ચૈત્ર સુદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# વિધાનસભામાં વિરોધપક્ષનો વોકઆઉટ

## સત્રના અંતિમચરણમાં પણ અધ્યક્ષના વલણ સામે કોંગ્રેસના ધારાસભ્યોનો હોબાળો : કોંગ્રેસના સભ્યો માટે કરાયેલ શબ્દ પ્રયોગ સામેના પોઈન્ટ ઓફ ઓર્ડર મામલે વાતાવરણ ગરમાયું



ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત વિધાનસભામાં ગત તા. ૨૬મી માર્ચે કોંગ્રેસના સભ્યો સામે અધ્યક્ષસ્થાનેથી ઉપાધ્યક્ષ દ્વારા કરાયેલી શિક્ષાત્મક કાર્યવાહી અને કોંગ્રેસના સભ્યો માટે કરાયેલા શબ્દ પ્રયોગોની સામે આજે રિસેસ બાદ મળેલી ગૃહની બેઠકની કાર્યવાહીના પ્રારંભમાં જ કોંગ્રેસના સિનિયર સભ્ય શક્તિસિંહ ગોહિલે ઉભા થઈને પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા તેમણે સમગ્ર બનાવને વર્ણવતા કરેલા પ્રવચન કર્યુ. ભાજપના સભ્યો દ્વારા તેનો વિરોધ કરાતા અધ્યક્ષ શ્રી ગણપતસિંહ વસાવાએ આ બનાવ અંગે અધ્યક્ષે રૂલિંગ આપી દીધુ છે. માટે હવે તેના ઉપર પોઈન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાય નહી તેમ કહીને તેમને અટકાવતા કોંગ્રેસના તમામ સભ્યો વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાની આગેવાની હેઠળ ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

કોંગ્રેસના સભ્યો વોકઆઉટ કરી ગયા પછી માર્ગ મકાન મંત્રી નીતિનભાઈ પટેલની વિનંતી ધ્યાનમાં લઈને કોંગ્રેસના શક્તિસિંહ ગોહિલે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા પૂર્વભૂમિકા બાંધતા કરેલા પ્રવચનને અધ્યક્ષ ગણપતસિંહ વસાવાએ ગૃહના રેકોર્ડમાંથી દૂર કર્યુ હતુ અને શક્તિસિંહ ગોહિલે ઉપસ્થિત કરેલા પોઈન્ટ ઓફ ઓર્ડરનો અસ્વીકાર જાહેર કર્યો હતો.

વિધાનસભામાં આજે રીસેસ બાદ ગૃહમાં કાર્યવાહી શરૂ થતાં જ કોંગ્રેસના સભ્યોને સસ્પેન્ડ કરવા અને તેમના માટે અધ્યક્ષ સ્થાનેથી ઉપાધ્યક્ષે તત્વો જેવા કરેલા શબ્દપ્રયોગ સામે પોઈન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરતા કોંગ્રેસના સિનિયર સભ્ય શક્તિસિંહ ગોહિલે ઉભા થઈને રજુાત કરતા જણાવ્યું હતું કે, ગૃહની પેનલના સભ્ય દિલીપભાઈ સંઘાણીએ અગાઉ આપેલા નિર્ણય કે, સભ્ય ગમે તે વર્તન કરે કે બોલે પરંતુ ટ્રેઝરો બેંચ પરથી આવુ ના કરી શકાય. તેમણે સંયમ જાળવવો જોઈએ તે અંગે ગૃહમાં વિપક્ષના સભ્યો દ્વારા કરાયેલા વર્તનના બનાવોને ટાંકતા લંબાણપુર્વક પૂર્વ ભિમિકા બાંધી હતી. આ તબક્કે સત્તાધારી પક્ષ ભાજપના સભ્યોએ વિપક્ષના સભ્ય શક્તિસિંહ ગોહિલ સામે વિરોધ કરતાં કોંગ્રેસના તમામ સભ્યો ઉભા થઈ ગયા હતા. ત્યારે અધ્યક્ષ ગણપતસિંહ વસાવાએ

● અનુસંધાન પાન-૭ પર



# ખેડૂતોને સહાય માટે કેન્દ્ર સમક્ષ રજૂઆત

## રાજ્યમાં ખેડૂતોને થયેલા નુકશાનની સમીક્ષા કરાઈ : મુખ્યમંત્રી, પ્રધાનો સાથે કેન્દ્રીય મંત્રી વૈંકૈયા નાયડુની વિસ્તૃત ચર્ચા : ખેડૂત હિતલક્ષી માંગણી અંગે સર્વગ્રાહી અધ્યન-મદદની કેન્દ્રીય મંત્રી નાયડુની ખાતરી : મુખ્યમંત્રી દ્વારા ઘણી માંગ

ગાંધીનગર, તા.૩૦

કેન્દ્રીય શહેરી વિકાસમંત્રી વૈંકૈયા નાયડુએ ગુજરાતમાં તાજેતરમાં થયેલા કમોસમી વરસાદ અને કરા પડવાની સ્થિતિમાં ખેતી પાકને વ્યાપક નુકશાનમાં કિસાનોને ૨૫ ટકાથી ૫૦ ટકા સુધી થયેલા નુકસાનના કિસ્સામાં પણ રાહત-સહાય આપવાની ગુજરાતના મુખ્યમંત્રીની માંગણી અંગે પાક નુકસાન અંદાજોનું વિસ્તૃત ઉચ્ચસ્તરીય અધ્યયન કરી યોગ્ય મદદની ખાતરી આપી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને રાજય મંત્રીમંડળના વરિષ્ઠ મંત્રીઓ મુખ્ય સચિવ અને સચિવઓ સાથે આજે ગાંધીનગરમાં કેન્દ્રીય મંત્રી વૈંકૈયા નાયડુએ સમીક્ષા બેઠક યોજીને તાજેતરમાં કમોસમી વરસાદથી ગુજરાતના ખેતીપાક-ખેડુતોને થયેલા નુકસાનના પ્રાથમિક અંદાજો મેળ્યા હતા. ગુજરાત સરકાર દ્વારા આ સમીક્ષા બેઠકમાં વિસ્તૃત પ્રેઝેન્ટેશનના માધ્યમથી કેન્દ્રીય મંત્રીને રાજયમાં કમોસમી વરસાદથી કૃષિતંત્રને થયેલ

● અનુસંધાન પાન-૭ પર

# પ્રદેશ સમિતિના મહામંત્રી તરીકે નિશીત વ્યાસ અને પ્રવક્તા તરીકે ડૉ. હિમાંશુ પટેલ

## જિલ્લાના બે યુવા આગેવાનોને પ્રદેશમાં સ્થાન મળતાં કાર્યકરોમાં ખુશીનો માહોલ

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર શહેરના બે યુવા



અગ્રણીઓ પ્રદેશ કોંગ્રેસ સમિતિના હોદ્દેદારોમાં સ્થાન પામતા શહેરના યુવા જગતમાં ખુશીનો માહોલ છવાયો હતો. ગાંધીનગર શહેરના મીનાક્ષી મેમોરિયલ ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટી અને જાણીતા યુવા વેપારી નિશિથ વ્યાસની પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી તરીકે નિમણુંક કરાઈ છે, જ્યારે જીલ્લાના અડાલજ ગામના વતની અને ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંકના ડીરેક્ટર તથા જીલ્લા યુવા સંઘના પ્રમુખ ડૉ. હિમાંશુ પટેલની કોંગ્રેસના પ્રદેશ પ્રવક્તા તરીકે નિમણુંક કરાઈ છે. ડૉ. પટેલ યુનિવર્સિટીના સિન્ડીકેટના સભ્યપદે પણ સેવાઓ આપે છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના નવા સંગઠ્ઠન માળખાની આજે જાહેરાત કરવામાં આવી છે. જેમાં પ્રદેશ મહામંત્રી તરીક શ્રી નિશીત વ્યાસ અને પ્રદેશ પ્રવક્તા તરીકે શ્રી હિમાંશુ પટેલની નિમણુંક કરતાં જિલ્લા કોંગ્રેસના કાર્યકરોમાં ખુશીનો માહોલ છવાઈ જવા પામેલ છે.

પક્ષના રાષ્ટ્રીય અધ્યક્ષા સોનિયા ગાંધી દ્વારા આ નિયુક્તી કરવામાં આવી છે. જેમાં સાત ઉપપ્રમુખ, ૮ મહામંત્રી, ૪ પ્રદેશ પ્રવકતા તેમજ પાંચ સેલના કન્વીનરોની નિયુક્તી કરવામાં આવી છે.

ઉપપ્રમુખ તરીકે શ્રી મૌલિન વૈષ્ણવ, શ્રી રાઘવજી પટેલ, શ્રી કુંવરજી બાવળિયા, ડૉ. જિતુભાઈ પટેલ, ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા, શ્રી લાખાભાઈ ભરવાડ, શ્રી મહેન્દ્રસિંહ સોરઠિયાનો સમાવેશ થાય છે.

મહામંત્રી તરીકે શ્રી નિશીત વ્યાસ, શ્રી લાલજી દેસાઈ, શ્રી ઈકબાલ પટેલ, શ્રી અશ્વિનભાઈ કોટવાલ, શ્રી મિહીર શાહ, શ્રીમતિ જશોદાબેન પરમાર, ડૉ. ઈન્દ્રવિજયસિંહ ગોહિલ અને શ્રી દિપક અમીનની વરણી કરવામાં આવી છે.

પક્ષના પ્રદેશ પ્રવક્તા તરીકે શ્રી મનીષ દોશી, શ્રી નિશીત વ્યાસ, શ્રી હિમાંશુ પટેલ, રેખાબેન ચૌધરીની નિયુક્તી કરવામાં આવી છે. પક્ષના ખજાનચી તરીકે શ્રી જીવાભાઈ પટેલની નિયુક્તી કરવામાં આવી છે.

કિસાન સેલના કન્વીનર તરીકે વીરજીભાઈ ઠુમ્મર, આર્થિક બાબતો અંગે નિતીન શાહ, કાયદાકીય બાબતો અંગે શ્રી બાબુબાઈ માંગુકિયા, સાહિત્ય સેલ માટે શ્રી વિજય દવેની નિયુક્તી કરવામાં આવી છે.

# તાપમાનમાં ફેરફાર નોંધાયો

ગાંધીનગર, તા. ૩૦

રાજ્યમાં હવામાનની સ્થિતિમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે. આજે અમદાવાદમાં મહત્તમ તાપમાન ગઈકાલની સરખામણીમાં વધીને ૩૬.૯ ડિગ્રી થઈ ગયો હતો. જ્યારે લઘુત્તમ તાપમાન ૨૩.૪ ડિગ્રી રહ્યું હતું. વાદળછાયું વાતાવરણની સ્થિતિ આશિંક રીતે આજે પણ જોવા મળી હતી. હાલમાં જ પારો તમામ જગ્યાએ ૪૦થી ઉપર પહોંચી ગયો હતો. પરંતુ હવે ફરી એકવાર પારો ઘટી ગયો છે. અમદાવાદ ઉપરાંત રાજ્યના તમામ વિસ્તારોમાં આજે પારો ૪૦થી નીચે રહ્યો હતો. એનો મતલબ એ થયો કે ઓછી ગરમીનો અનુભવ લોકોએ કર્યો હતો. વરસાદી ઝાપટા પડવાની આગાહી હજુ પણ કરવામાં આવેલી છે. અમદાવાદ માટે પણ ગાજવીજ સાથે વરસાદની આગાહી કરાઈ છે. જોકે, હવામાન વિભાગ તરફથી કોઈપણ પ્રકારની ચેતવણી જારી કરાઈ નથી. પાટનગર ગાંધીનગરમાં મહત્તમ તાપમાન ૩૮.૨ ડિગ્રી નોંધાયું હતું. રાજ્યમાં આંશિક વાદળછાયુ વાતાવરણ વચ્ચે આજે પણ પવન ફુંકાયો હતો જેથી કેરી સહિતના ઘણા પાકોના નુકસાનનો ખતરો વધી ગયો છે.

# રાજ્યમાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં પદાધિકારીઓની મુદત અઢી વર્ષની રહેશે

## ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક-૨૦૧૫ વિધાનસભામાં પસાર

ગાંધીનગર, તા.૩૦

ગુજરાતની સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓને મજબુત કરવા રાજય સરકારે અનેકવિધ પગલાં લીધા છે. રાજયની આ સંસ્થાઓને વધુ મજબુત બનાવવા ગુજરાત સ્થાનિક સત્તામંડળ કાયદા (સુધારા) વિધેયક ૨૦૧૫ માં વિવિધ જોગવાઈ છે, જે મુજબ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં -મુખ, ઉપ-મુખ અને વિવિધ સમિતિઓના અધ્યક્ષઉપાધ્યક્ષની મુદત અઢી વર્ષની થશે, તેમ મંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે.

ગુજરાત વિધાનસભા ખાતે આ સુધારા વિધેયક રજુ કરતાં મંત્રીશ્રી પટેલે ઉમેર્યુ કે, સ્વરાજયની સંસ્થામાં સ્થાયી સમિતિ, વાહનવ્યવહાર સમિતિ અને અન્ય સમિતિઓના અધ્યક્ષ, ઉપાધ્યક્ષ અને સભ્યોની મુદત અઢી વર્ષની કરવાની જોગવાઈ કરવામાં આવી છે. સ્થાયી સમિતિમાં હાલ દર વર્ષે અડધા સભ્યો નિવૃત્ત થાય છે. એને બદલે હવે નવી જોગવાઈથી તે થશે નહી. સ્થાયી સમિતિના સભ્યોની નિમણૂંક મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણી બાદ અઢી વર્ષ કરાશે. વાહનવ્યવહાર સમિતિમાં પણ બે વર્ષે અડધા સભ્યો નિવૃત્ત થાય છે અને નવા નિમાય છે. તેમાં સુધારો કરી મહાનગરપાલિકાની સામાન્ય ચુંટણીબાદ અઢી વર્ષ કરવામાં આવશે. એટલે કે, અઢી વર્ષ માટે પુનઃ નિમણૂંક પણ પામી શકે છે.

મંત્રીશ્રી પટેલે ઉમેર્યુ કે, રાજયની મહાનગરપાલિકાઓમાં સ્થાયી કારોબારી સમિતિ તથા અન્ય સમિતિઓના સભ્યો, ઉપાધ્યક્ષ તથા અધ્યક્ષની મુદતમાં ફેરફાર કરીને અઢી વર્ષ કરી છે. તેજ રીતે ખાસ સમિતિના સભ્યોની નિમણૂંક નગરપાલિકાની સામાન્ય ચુંટણી બાદ અઢી વર્ષ કરવામાં આવે તેવી જોગવાઈ કરાઈ છે. આ ફેરફારો નવી સામાન્ય ચુંટણીઓ પછી લાગુ પડશે.

# જિલ્લાના બે મામલતદાર બદલાયા ત્રણ નવા મામલતદારની નિમણુંક

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર જિલ્લામાંતી બે મામલતદાર સંવર્ગના અધિકારીઓની બદલી કરવામાં આવી છે, જ્યારે ૩ નવા આ જ સંવર્ગ અધિકારીઓની નિયુક્તી કરવામાં આવી છે.

રાજ્યના મહેસુલ વિભાગે આજે ૬૩ જેટલા મામલતદારોની બદલીના હુકમો જારી કર્યા છે જેમાં આ ફેરફારો થયા છે.

જિલ્લા કલેકટર કચેરીમાં ચિટનીસ તરીકે ફરજો બજાવતા કુમારી એલ.એ. ખમારની બદલી મામલતદાર ખાસ સચિવ (વિવાદ)ની કચેરીમાં ખાલી જગ્યા પર કરવામાં આવી છે. તેમની આ બદલી માટે સ્વ વિનંતીને ધ્યાને રાખી વિભાગે બદલી કરી છે.

ચીટનીસની જગ્યા પર બગસરા મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રી બી.એસ. ખોખરીયાને મુકવામાં આવ્યા છે.

આ જ પ્રમાણે જમીન ફાળવણી મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રીમતિ સાબેરા મલીકે પણ સ્વ વિનંતી બદલીની કરેલી માંગણીનો સ્વીકાર કરી તેમને ઔડામાં નિમણુંક આપવામાં આવી છે.

મામલતદાર ચોટીલા તરીકે ફરજો બજાવતા શ્રી જે.વી. રાવલની બદલી માટેની વિનંતીનો સ્વીકાર કરી તેમને ગાંધીનગર કલેક્ટર કચેરીમાં મામલતદાર (દબાણ) તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આ ઉપરાંત ધોલેરા મામલતદાર તરીકે ફરજો બજાવતા શ્રી કે.પી. જેઠવાની પણ બદલી માટેની વિનંતીનો વિભાગે સ્વીકાર કરી તેમને ગાંધીનગર કલેકટર કચેરીમાં મામલતદાર જમીન ફાળવણી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.

આગામી દિવસોમાં આવી રહેલી સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓને પગલે રાજ્યના મહેસુલ વિભાગમાં હજુ પણ બદલીઓનો દોર યથાવત રહેશે તેમ જાણકાર વર્તુળો માની રહ્યાછે. હજુ પણ રાજ્યમાં ૧૫૦ થી પણ વધુ મામલતદાર સંવર્ગની જગ્યાઓ ખાલી પડેલી છે.

પુલહાશ્રમ યાત્રા
અયોધ્યા - છપૈયા - ગોરખપુર - કાઠમંડુ
મનોકામના - પશુપતિનાથ - પોખરા
કાશી - અલ્હાબાદ - અયોધ્યા - ગોરખપુર - છપૈયા - મનોકામના
કાઠમંડુ - પશુપતિનાથ - જનકપુર
સીતામઢી - ગયા - બોધગયા
રેલ્વે + બસ પ્રવાસો
(2 x 2 AC બસ) જુજ સીટો બાકી
ભક્તિ ટુર્સ
90333 94250
98984 85949

સ્પર્ધાત્મક પરીક્ષા માટે ફેકલ્ટી જોઇએ છે
: વિષય :
ગણિત, રીઝનીંગ, ગુજરાતી, અંગ્રેજી, ભૂગોળ, ઈતિહાસ, બંધારણ, કરન્ટ, સરકારી યોજના તથા પંચાયતી રાજ
: ટીચીંગનો સમય :
૧૧ થી ૫ દરમિયાન
વેતન : રૂ. ૫૦૦ પ્રતિ કલાક
સંપર્ક : ૯૮૨૫૦૧૬૧૬૨
(મહેન્દ્રભાઈ)
Email : barejamm@yahoo.com

નમ્ર વિનંતી
Dy.S.O./ના. મામલતદારની
તમામ બેચમાં
પ્રવેશ સંપૂર્ણ બંધ છે
કામની શ્રેષ્ઠ ગુણવત્તા તથા દરેક બેચમાં મર્યાદિત પ્રવેશના સંસ્થાના સિદ્ધાંતને કારણે હાલ ચાલતી કોઇપણ બેચમાં પ્રવેશ આપી શકાય તેમ નથી તો એડમીશન અંગે ફોન પર કે રૂબરૂ કોઇપણ પ્રકારની પૂછપરછ ન કરવા વિનંતી.
આપ સૌએ સંસ્થા પર મુકેલા વિશ્વાસ બદલ આપ સૌનો અંતઃકરણપૂર્વક આભાર તથા પ્રવેશ ન આપી શકવા બદલ ક્ષમાઅર્ચના.
- આપનો ઋણાનુરાગી
રાજુભાઈ પટેલ
વિવેકાનંદ એકેડેમી

ગાંધીનગરમાં સૌથી વિશાળ પાર્ટી પ્લોટ
શિવાલય
ફાર્મ & પાર્ટી પ્લોટ
● ૧,૨૫૦૦૦ સ્કે. ફૂટ લોન એરીયા
● અદ્યતન કીચન તથા વોશ એરીયા
● બાળકો માટે પ્લે એરીયા
● વિશાળ પાર્કીંગની સુવિધા, આકર્ષક એન્ટ્રી ગેટ
● ૧૦,૦૦૦ માણસની કેપેસીટી
● અલગ Groom અને Bridle રૂમ
મેરેજ, રીસેપ્શન, રીંગ સેરેમની, બર્થ-ડે પાર્ટી, ગેટ-ટુ-ગેધર તથા શુભ પ્રસંગ માટે
બુકીંગ ચાલુ છે - ૧૧/૫/૨૦૧૫થી...
વાઘેલા ઘનશ્યામસિંહ એમ.- ૯૮૨૫૦ ૨૨૧૭૩
વાઘેલા જીતેન્દ્રસિંહ એમ. - ૯૮૨૫૬ ૦૪૫૭૫
ક-૭ ચોકડી, વસંત વગડોની સામે, ગાંધીનગર-માણસા હાઈવે, ગાંધીનગર